# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૨/૧૯-૨૦/૫૯૦૨–૭** **તા.૦૫–૦૯–૧૯**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૮/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **લઘરાભાઈ જીવાભાઈ કટેશીયા** ગામ: લાલાવદર

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિપુલભાઈ લવજીભાઈ કટેશીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - જસદણ

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એન.ડી.પનારા** પીજીવીસીએલ વિભાગીય કચેરી - જસદણ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર લઘરાભાઈ જીવાભાઈ કટેશીયા ગામ -લાલાવદર, તેઓની અરજીના નોંધણી નં: ૧૮/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓએ લીલાપુર ગામ ના સર્વે નંબર: ૫૬૩ પૈકી ૧ માં ખેતીવાડી વીજજોડાણ ૦૫ હોપા માટે તા.૨૮–૧૨–૨૦૦૫ ના રોજ નોંઘણી કરેલ છે, સદર બાબતે વિછીયા પેટા વિભાગીય કચેરી એ તપાસ કરતા તા.૧૨–૦૧–૧૫ ના રોજ ભાવપત્રક મોકલાવેલ, જે અરજદાર ને ટાઈમે મળેલ ન હતુ, તેમા પણ લાલાવદર અને અરજી ની તા.૧૦–૦૧–૧૫ બતાવેલ છે, સદર બાબતે જસદણ વિભાગીય કચેરીમા રજુઆત કરતા જણાવેલ કે – ફરીથી ભાવપત્રક આપવામા આવશે, પરંતુ કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમજ જણાવેલ કે, તા.૨૮–૧૨–૨૦૦૫ ની અરજી હજુ પેન્ડીંગ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર શ્રી લઘરાભાઇ જીવાભાઇ કટેશીયા, રહેવાસી મુ.પો, લાલાવદર, તા-વિંછીયા, જી. રાજકોટ, સદર અરજદારશ્રી એ નવા ખેતીવિષયક વીજ જોડાણ લેવા અંગે CGRF માં તારીખ ૦૯/૦૭/૨૦૧૯ ના રોજ રજૂઆત કરેલ જે અન્વયે જણાવેલ છે કે **અરજદાર ની અરજીનો સર્વે નંબર પેટા વિભાગીય કચેરી જસદણ નો હોય માટે અરજદાર ની અરજી** પેટા વિભાગીય કચેરી

વિંછીયા દ્વારા **પેટા વિભાગીય કચેરી જસદણ ને તબદીલ કરવામાં આવેલ છે.** જે પત્ર ની નકલ તેમજ જીપી રજીસ્ટર ની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ પેટા વિભાગીય કચેરી જસદણ દ્વારા જણાવેલ કે પેટા વિભાગીય કચેરી વિછિયા દ્વારા જસદણ પેટા વિભાગને ડૉક્યુમેન્ટ મોકલવેલ છે પરંતુ તપાસ કરતાં જસદણ પેટા વિભાગને આવા કોઈ ડૉક્યુમેન્ટ મળેલ નથી તદુપરાંત જણાવેલ કે હાલમાં જસદણ પેટા વિભાગમાં વર્ષ ૨૦૧૮ સુધીના કનેક્શન રિલિજ થઈ ગયેલ છે.

૩.૧ સદર અરજદાર ની રજૂઆત અન્વયે વિછિયા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર ન. વીએસડી/ટેક/૩૭ તા.૧૨.૦૧.૧૫ થી રજીસ્ટર એ.ડી. થી ભાવપત્રક મોકલવામાં આવેલ હતું જેની એકનોલેજમેંટ સ્લિપમાં દર્શાવ્યા મુજબ ગ્રાહકને તા.૨૩.૦૧.૧૫ ના રોજ ભાવપત્રક મળી ગયેલ છે જે બદલ અરજદારે એકનોલેજમેંટ સ્લિપમાં ગ્રાહકે સહી કરેલ છે. તેમજ ભાવપત્રક ભરવાની છેલ્લી તારીખ ૧૧.૦૨.૧૫ હતી જેથી ગ્રાહક દ્વારા ભાવપત્રક સમયસર મળી ગયેલ હોવા છતાં ભાવપત્રક ની રકમ ભરપાઈ કરેલ નથી જેથી ગ્રાહકને કનેક્શન આપવામાં આવેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર લઘરાભાઈ જીવાભાઈ કટેશીયા દ્વારા તેઓએ લીલાપુર ગામ ના સર્વે નંબરઃ ૫૬૩ પૈકી ૧ માં ખેતીવાડી વીજજોડાણ ૦૫ હોપા માટે તા.૨૮–૧૨–૨૦૦૫ ના રોજ નોંધણી કરેલ છે, સદર બાબતે વિછીયા પેટા વિભાગીય કચેરીના પત્ર તા.૧૬–૦૧–૧૫ મુજબ સદર અરજી સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટરમાં ક્રમાંક ૫૬૬૨ થી નોંધણી **કરાયેલ** છે. તેમજ, સદર અરજદાર નુ ગામ – લીલાપુર જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતુ હોય – સદર ઓરીજીનલ અરજી ફોર્મ આગળની કાર્યવાહી કરવા – જસદણ પેટા વિભાગીય કચેરીને રજીસ્ટર્ડ ટપાલ મારફત મોકલાવેલ છે. જે અનુસંઘાને જસદણ પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૦૨–૦૮–૧૯ મુજબ – સદર કોઈ ડોકયુમેન્ટ મળેલ નથી,

૪.૨ અરજદાર ની રજુઆત મુજબ– તેઓનો ખેતીવાડી સર્વે નંબર લીલાપુર ગામે સર્વે નંબર:૫૬૩ પૈકી ૧ માં ધરાવે છે. જયારે તેઓનુ રહેઠાણ ગામ-લાલાવદર છે. વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર ની સદર અરજી ના અનુસંઘાને – નિયત ભાવપત્રક આઉટવર્ડ નં.–૩૭ તા.૧૨–૦૧–૧૫ થી – અરજદારશ્રી લઘરાભાઈ જીવાભાઇ કટેશીયા ગામ -લાલાવદરને મોકલાવેલ છે, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૧–૦૨–૧૫ નોંધાયેલ છે. જે ભાવપત્રક અરજદાર ને તા.૨૩–૦૧–૧૫ થી રજીસ્ટર્ડ ટપાલ મારફત મળેલ છે, તે બદલ અરજદારની સહી કરેલ એકનોલેજમેન્ટ સ્લીપ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ છે. સદર ભાવપત્રક સમયમર્યાદામાં મળેલ છે, તે બાબત– ફોરમ કમિટી સમક્ષ અરજદાર ના પ્રતિનિધિ એ સ્વીકારેલ છે. સદર અરજદાર દ્વારા ભાવપત્રક ની રકમ સમયમર્યાદામા ભરપાઈ થયેલ નથી. તેમજ, સદર બાબતે ભાવપત્રક ભરપાઈ કરવાની સમયમર્યાદા વધારવા માટેની કોઈ રજુઆત કરાયેલ હોય, તેવા કોઈ આધાર–પુરાવા રજુ કરેલ નથી.

૪.૩ સદર કેઈસ મા, મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર ને ફરીથી ભાવપત્રક આપવા અંગે ની રજુઆત ગ્રાહય રાખવામા આવતી નથી.

૪.૪ સદર કેઈસ મા, મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭

(૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯